ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓમાં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૫/૦૧/૨૦૧૯

વંચાણમાં લીધુ:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો તા.૦૨/૦૧/૧૯નો પત્ર ક્રમાંક: ગુ.બિન.નિ./યોજના/૨૩

## પ્રસ્તાવના:

વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના વિભાગના તા.૧૫/૦૮/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક: (૨) સામેના મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના તા.૦૨/૦૧/૧૯ના પત્રથી નિગમની યોજનાઓમાં સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ :

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબના સુધારાને આથી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

૧.

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની જોગવાઇમાં કરાયેલા સુધારા |
|---|---|---|
| ૧ | **શૈક્ષણિક અભ્યાસ યોજના** | આ યોજનામાં રાજ્યમાં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો સાથે સાથે રાજ્યમાં અને ભારતના અન્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ અભ્યાસ કરતા તબીબી સ્નાતક, તબીબી અનુસ્નાતક અને ઉચ્ચ અભ્યાસક્રમોમાં અનુસ્નાતક જેવા કે IIM, IIT, NID, NIFT, IRMA, TISS માં પણ લોન આપવાની રહેશે. |

| | | |
|---|---|---|
| ૨ | **વિદેશ અભ્યાસ લોન યોજના** | " ધોરણ-૧૨ પછી ફક્ત M.B.B.S માટે, ડિપ્લોમા પછી ડીગ્રી માટે, સ્નાતક પછી અનુસ્નાતક માટે" ના સ્થાને " ધોરણ-૧૨ પછી ફક્ત M.B.B.S, સ્નાતક (ડિપ્લોમા પછી ડીગ્રી મેળવેલ હોય તો પણ માન્ય) થયા પછી અનુસ્નાતક તેમજ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા અથવા અન્ય નામથી ઓળખાતા સમકક્ષ અભ્યાસક્રમ માટે" તે મુજબ વંચાણે લેવાનું રહેશે એટલે કે તે પ્રમાણે લોન આપવાની રહેશે. |
| ૩ | **ભોજન બીલ સહાય યોજના** | આ યોજનામાં નીચે મુજબની જોગવાઇ ઉમેરવામાં આવે છે:<br>"કોઈપણ સમાજ, ટ્રસ્ટ , સંસ્થા દ્વારા સંચાલીત કન્યા છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતી ધોરણ ૯ થી ૧૨ ની કન્યાઓને પણ આ યોજનાનો લાભ આપવાનો રહેશે". એટલે કે તેવી જોગવાઇ દાખલ કરવામાં આવે છે. |
| ૪ | **ટ્યુશન સહાય યોજના** | આ યોજનાનું નામકરણ "કોચીંગ સહાય" યોજના કરવામાં આવે છે.<br>આ ઉપરાંત " કોઇપણ સમાજ દ્વારા ચલાવાતા ટ્યુશન ક્લાસને વિદ્યાર્થી દીઠ સહાય મળવાપાત્ર થશે." ના સ્થાને "કોચીંગ ક્લાસમાં ભણતા ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના વિજ્ઞાનપ્રવાહનાં વિદ્યાર્થીઓને સીધી સહાય(ડી.બી.ટી.) મળવાપાત્ર થશે" તે મુજબ સુધારો કરવામાં આવે છે. |
| ૫ | **જી(JEE), ગુજકેટ (GUJCET), નીટ (NEET) પરીક્ષા માટે કોચીંગ સહાય** | હાલની જોગવાઇ પ્રમાણે "ત્રણ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી સસ્થાઓમાં કોચીંગ માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ફી એ બે પૈકી જે ઓછું હોય તે કોચિંગ સહાય આપવામાં આવશે" ના સ્થાને "ત્રણ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી સસ્થાઓમાં કોચીંગ મેળવતા ધોરણ-૧૧ અને ધોરણ-૧૨નાં વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ફી એ બે પૈકી જે ઓછી હોય તે સીધી સહાય(ડી.બી.ટી.) તરીકે મળવાપાત્ર થશે." તે મુજબ સુધારો કરવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૬ | **સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય** | હાલની જોગવાઇ પ્રમાણે "પસંદ થયેલી સંસ્થાને વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે માંથી જે ઓછું હોય તે સહાય તરીકે મળવાપાત્ર થશે." ના સ્થાને "પસંદ થયેલી સંસ્થામાં તાલીમ મેળવતા વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે માંથી જે ઓછી હોય તે સીધી સહાય(ડી.બી.ટી.) તરીકે મળવાપાત્ર થશે." તે મુજબ સુધારો કરવામાં આવે છે. |

૨. ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓની આવકમર્યાદામાં નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનો સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની હાલની આવકમર્યાદા | સુધારેલ આવકમર્યાદા |
|---|---|---|---|
| ૧ | (૧) ભોજન બીલ સહાય<br>(૨) કોચીંગ સહાય<br>(૩) જી(JEE) ગુજકેટ (GUJCET), નીટ (NEET) પરીક્ષા માટે કોચીંગ સહાય<br>(૪) સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય | ૩.૦૦ લાખ | ૪.૫૦ લાખ |
| ૨ | (૧) શૈક્ષણિક અભ્યાસ લોન<br>(૨) સ્વરોજગારલક્ષી યોજના લોન<br>(૩) સ્નાતક તબીબ, વકીલ, ટેકનીકલ સ્નાતક માટે લીધેલ લોનમાં વ્યાજ સહાય | ૩.૦૦ લાખ | ૬.૦૦ લાખ |
| ૩ | વિદેશ અભ્યાસ લોન | ૪.૫૦ લાખ | ૬.૦૦ લાખ |

૩. ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની હાલની યોજનાઓ ઉપરાંત **"કોમર્શિયલ પાયલોટની તાલીમ માટેની લોન યોજના"** નામની નવીન યોજના દાખલ કરવામાં આવે છે. જેની જોગવાઇઓ નીચે મુજબની રહેશે:

૩(૧) લાયકાતનું ધોરણ:

ધોરણ-૧૨માં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.

૩(૨) આવકમર્યાદા:

કુટુંબની વાર્ષિક આવકમર્યાદા રૂ.૬.૦૦ લાખ કે તેથી ઓછી.

૩(૩) આ યોજનાની અન્ય બોલીઓ અને શરતો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો માટે ચાલતી કોમર્શિયલ પાયલોટની તાલીમ માટેની લોન યોજનાની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબની રહેશે.

૪. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના તા.૧૫/૦૮/૨૦૧૮ના ઠરાવના મુદ્દા નં.(૬) “શૈક્ષણિક હેતુ માટેની લોન માટે ગુજરાતમાં ઓછામાં ઓછા દશ વર્ષ અભ્યાસ કરેલ હોય તેવા ગુજરાતના બિન અનામત જાતિઓના લાભાર્થીઓને જ મળવાપાત્ર થશે” ની જોગવાઇ રદ કરવામાં આવે છે.

૫. ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની હાલની યોજનાઓમાં કરવામાં આવેલ ઉપરોક્ત સુધારાઓ તેમજ **“કોમર્શિયલ પાયલોટની તાલીમ માટેની લોન યોજના”** નામની નવીન યોજનાનો અમલ તા.૦૧/૦૧/૨૦૧૯ થી કરવાનો રહેશે.

૬. અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે બિન અનામત વર્ગો માટેની આ યોજનાઓનો અમલ તા.૦૧/૦૪/૨૦૧૮ થી કરવામાં આવેલો છે પરંતુ જે વિદ્યાર્થીઓ/ઉમેદવારો ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક સત્ર પહેલાંથી કોઇ શૈક્ષણિક સંસ્થાઓમાં જોડાયા હશે તેમની મુશ્કેલીના નિવારણ માટે અગાઉના વર્ષોને બાદ કરતાં તા.૦૧/૦૪/૨૦૧૮ એટલે કે સન ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષથી મળવાપાત્ર લોન/સહાય લાભ મળવાપાત્ર થશે. અત્રે એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે સુધારા-વધારાનો અમલ તા.૦૧/૦૧/૨૦૧૯ થી કરવાનો રહેશે એટલે કે શૈક્ષણિક સંસ્થાઓમાં સન ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષ અને સ્વરોજગારી વગેરે જેવા લાભો માટે તા.૦૧/૦૧/૨૦૧૯ થી અમલ કરવામાં આવશે.

૭. આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માંગણી નં.૯૨, મુખ્ય સદર- ૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર હેઠળની લોન અને અન્ય કમાણી હેઠળ, પેટા સદર-૦૧ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ થયેલ જોગવાઇમાંથી ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૫/૦૧/૨૦૧૯ અને સરકારશ્રીની તા.૧૫/૦૧/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) મેનેજીંગ ડિરેક્ટરશ્રી,
ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ,
કર્મયોગી ભવન,
ગાંધીનગર.

**નકલ સવિનય રવાના:-**

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,(નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી,(અ/બજેટ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી,(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૧૯.